# નેચરલ ફાર્મિંગને પ્રોત્સાહન આપવા વ્યવસ્થિત પગલાં જરૂરી: રાજ્યપાલ

» રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે EDIIના વાર્ષિક ડો.વી. જી. પટેલ મેમોરિયલ લેક્ચરમાં સંબોધન કર્યું

**નવગુજરાત સમય** > અમદાવાદ

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત બીજું ડો. વી. જી. પટેલ મેમોરિયલ લેક્ચર રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આપ્યું હતું. આ સીરિઝમાં બીજા લેક્ચરનું આયોજન વર્ચ્યુઅલી થયું હતું અને એનો વિષય હતો -'આંત્રપ્રિન્યોરિયલ ઓપોર્ચ્યુનિટીઝ ઈન નેચરલ ફાર્મિંગ' એટલે કે 'કુદરતી ખેતીમાં ઉદ્યોગસાહસિક્તાની તકો.' આ પ્રસંગે ગેસ્ટ ઓફ ઑનર હની બી નેટવર્ક, SRISTI (સૃષ્ટિ), GIAN(જ્ઞાન) અને નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશનના સ્થાપક પ્રો. અનિલ ગુપ્તા અને EDIIના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા ઉપસ્થિત રહ્યાં હતાં.



કૃષિ ક્ષેત્ર અને નેચરલ ફાર્મિંગમાં ઉદ્યોગ સાહસિકતાની વણખેડાયેલી તકો પર વર્ચ્યુઅલ ઓડિયન્સને સંબોધન કરતા આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, આપણે આ ક્ષેત્રને ગંભીરતાપૂર્વક લઈએ અને દરેક રીતે નેચરલ ફાર્મિંગને પ્રોત્સાહન આપવા વ્યવસ્થિત પગલાં લઈએ એ જરૂરી છે, જેથી વાણિજ્યિક ખેતી કરીને ખેડૂતોની આજીવિકામાં વધારો થાય. કૃષિનું સતત મૂડીકરણ સુનિશ્ચિત કરવા ખેડૂતોને મદદરૂપ થાય એવી સ્ટ્રેટેજી સ્વરૂપે સજીવ ખેતી પર આપણા ખેડૂતોને જાણકારી આપવી મહત્ત્વપૂર્ણ છે. ગુજરાતે નેચરલ ફાર્મિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે કૃષિ ક્ષેત્રમાં પ્રશંસનીય પ્રગતિ કરી છે."

આ પ્રસંગે પ્રો. અનિલ ગુપ્તાએ સમજાવ્યું હતું કે, નેચરલ ફાર્મિંગ વર્ષો જૂની પરંપરા છે, પણ વ્યાપક સ્તરે પ્રોત્સાહન આપવા અને એની સ્વીકાર્યતા વધારવા વિસ્તૃત સંશોધનના પીઠબળની જરૂર છે. બાળકો અને યુવાનોને આ તરફ વાળવા પર ભાર મૂકીને તેમણે ગ્રામીણ અને શહેરી એમ બંને વિસ્તારોમાં બાળકોને તાલીમ આપવાની જરૂર સમજાવી હતી. ડો. સુનિલ શુક્લાએ સ્વ. ડો. વી. જી. પટેલને યાદ કરીને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. તેમણે ડો. પટેલના ઉદ્યોગસાહસિકતાની વિભાવના દ્વારા દેશના આર્થિક વિકાસમાં અભૂતપૂર્વ પ્રદાનને યાદ કર્યું હતું.